


EXT Number : 8

**પ્રશ્ન : આજકાલના જમાનામાં વાસ્તુ શાસ્ત્રને ઘણાં લોકો મહત્વ નથી આપતા અને પોતાના પ્રમાણે આગળ વધે છે તો તે માટે તમારૂ શું માનવું છે? હું પોતે તો વાસ્તુમાં ખૂબ જ માનું છું, પરંતુ જ્યારે આવી પરિસ્થિતિ આવે ત્યારે શું કરવું?**

**(એક બહેન, ટોરેન્ટો)**

**જવાબ :** મને આપનો પ્રશ્ન જાણીને આનંદ થયો અને તમે જે રીતે દીલ ખોલીને મનની વાત કરી છે તે વખાણવા જેવી છે. સામાન્ય રીતે દરેક વ્યક્તિના કોઇ પણ બાબત માટે અલગ-અલગ મંતવ્ય હોય છે. અને તે હોવાના ઘણાં કારણો છે. અમુક વ્યક્તિ પોતાનો દંભ સંતોષવા તે બીજી વસ્તુ કે બીજાના વિચારોને માનવા માટે તૈયાર હોતા નથી. આવા વ્યક્તિઓ સાથે ચર્ચા કરવાનો કોઇ અર્થ નથી. કારણ કે સામાન્ય રીતે જે વસ્તુને આપણે  જાણતા ન હોય તે માટે આપણે સારા કે ખરાબ વિચારો દર્શાવવા જોઇએ નહીં. બીજું એ છે કે કોઇ વ્યક્તિને નીચા પાળવા માટે આપણે વાસ્તુશાસ્ત્ર જેવા ગુઢ શાસ્ત્રનો ઉપયોગ ન કરવો જોઇએ કે જે હજારો વર્ષ પહેલાં ઋષિ મુનિઓ ગ્રંથોમાં લખી ગયા છે. જ્યારે અમુક વ્યક્તિ એવા હોય છે જે કુદરતની છત્રછાયામાં રહે છે અને તેમને કુદરતના નિયમોનું પાલન કરવું હોતું નથી અને જ્યારે તે મુશ્કેલીમાં આવે છે ત્યારે તેમને કુદરત યાદ આવે છે. આમ જોવા જઇએ તો વાસ્તુશાસ્ત્ર એ પંચમહાભુતનું એટલેક  હવા, આગ, પાણી, પૃથ્વી અને સૂર્ય. આ કળિયુગ છે માટે વ્યક્તિ પહેલા તકલીફમાં પડે છે અને ત્યાર પછી તે તેના રસ્તા શોધે છે.

**પ્રશ્ન : ઘરમાં રસોડું ઉત્તર-પશ્ચિમમાં હોય તો તે કેવું કહેવાય અને તેમાં શું-શું ફેરફાર કરવા જરૂરી છે?**

**(એક બહેન, ઓકવીલ)**

**જવાબ :** વાસ્તુ શાસ્ત્રના નિયમાનુસર રસોડું પૂર્વ-દક્ષિણ એટલે કે અગ્નિ ખૂણામાં હોવું જોઇએ. જ્યાં અગ્નિનો વાસ છે. જ્યારે તમારૂ રસોડું ઉત્તર-પશ્ચિમમાં એટલે કે વાયવ્ય ખૂણામાં છે માટે શાસ્ત્રના નિયમનું સાર ત્યાં ચાલે કારણ કે વાયુ અને અગ્નિ એ એકબીજાના મિત્ર છે માટે વાંધો નહીં પરંતુ તમારે આ બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે. ખાસ કરીને જમવાનું બનાવતી વખતે તમે પૂર્વ તરફ ઉભા રહો તે પ્રમાણે તેની ગોઠવણ કરવી જોઇએ જેથી તમારૂં ધ્યાન રસોઇમાં વધુ રહે અને રસોઇ સ્વાદિષ્ટ તથા સાત્વિક બને. બીજું આ રૂમમાં આછો લાલ અથવા પીળો કલર કરવો. રસોડું બને તેટલું ચોખ્ખુ રાખવું જોઇએ. કારણ કે તેમાં અન્નપૂર્ણા માતા જે અન્નના દેવી છે તેનો વાસ રહે. જો આ પ્રમાણે તમે રસોડામાં ફેરફાર કરશો તો ઘરના બધા જ વ્યક્તિઓનું સ્વાસ્થ્ય સારૂ રહે. જેમ કહેવાયું છે કે ‘‘જેવું અન્ન તેવા ઓડકાર’’ માટે સાત્વિક ભોજન જમીએ તો સાત્વિક વિચારો આવે.

કલ્પેશ જોશી.

**તમારા વાસ્તુશાસ્ત્રને લગતા પ્રશ્નો અમને વતનના ઈમેઈલ INFO@VATANNEWS.CA ઉપર મોકલી આપો અને વાસ્તુ વિઝન તરફથી $ ૨૫ નું ફ્રી ગીફ્ટ સર્ટીફીકેટ મેળવો.**




**લીગલ ડિસ્કલેમર : આ કોલમમાં આપવામાં આવતી વાસ્તુ શાસ્ત્રની સલાહની સત્યતાની ‘વતન‘ ખાતરી આપતું નથી. વ્યક્તિગત ધોરણે સ્વીકારેલી સલાહની જવાબદારી પોત પોતાની રહેશે અને સવાલ પૂછનાર અને જવાબ આપનાર વચ્ચેની કોયપણ નાણાકીય લેવડદેવડ ફી સાથે ‘વતન‘ નો કોઈ સંબંધ નથી.**



કાયદાકીય સલાહ અને
કાયદાકીય કામના નિષ્ણાત

For your legal work
and advice



MIR KAMAL B.Sc.LL.B.LL.M.
(Member FSO & CSIC)

- UNFAIR DISMISSAL
- SMALL CLAIMS/WSIB
- AFFIDAVITS/POWER OF ATTORNEY
- IMMIGRATION & APPEALS
- REFUGEE CLAIMS & HEARINGS
- FAMILY SPONSORSHIPS
- PR CARDS/CITIZENSHIP
- HUMANITARIAN APPEALS

MIR LAW
ASSOCIATES

Tel : 416-614-9897 Cell : 416-577-9897
1823 Lawrence Ave West (Jane & Lawrence)

DOMINION LENDING
CENTRES



Yashna Singh, AMP
Mortgage Professional
Tel: 416-879-6456

“There are two ways
to get a mortgage in Toronto,
from your bank
or from
Dominion Lending Centres.”

MORTGAGE
LEASING
BROKERS










Mortgage, Refinance,
Purchasing a new home or
Renewing your mortgage.

Call Today

Yashna Singh, AMP
Mortgage Professional

Tel: 416-287-7700

Fax: 416-287-0903
ysingh@dominionlending.ca
www.yashnasingh.ca

"GET REWARDS FOR ALL QUALIFIED REFERALS"

Dominion Lending Centres Prestige FSCO# 10901
Head Office: 2273 Dundas St. W. | Mississauga | Ontario | L5K 2L8
Satelite Office: 1145 Morningside Ave, Unit 27 | Scarborough | ON | M1B 0A7